

**The Indian Planetary Society**

**भारतीय ग्रहमालिका संगठन**





President
Dr. J. J. Rawal

Vice Presidents: Dr. S. S. Chandel,
Dr. P. J. Aprain & Shri Yogesh Patel



Recognized as a Scientific and Industrial Research Organization by the Government of India in 2003
Recipient of 2004 National Award for Best Efforts in Science & Technology Popularization, Government of India
Recipient of Bhagwan Mahaveer Foundation Award and Recipient of Sandipani Gaurav Award


# Biodata of Dr. J. J. Rawal

ડૉ. જે. જે. રાવલે મુંબઈની ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રીસર્ચ દ્વારા મુંબઈ વિશ્વવિદ્યાપીઠમાંથી ખગોળ-ભૌતિકશાસ્ત્રમાં Ph. D.ની પદવી પ્રાપ્ત કરી છે. તે હાલમાં ધી ઈન્ડિયયન પ્લેનેટરી સોસાયટીના અધ્યક્ષ છે. ડૉ. રાવલનો જન્મ તેમના પિતાજીના મૃત્યુ પછી ત્રણ મહિને ૩૦ માર્ચ, ૧૯૪૩ના રોજ ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના નાના ગામ હળવદમાં થયો હતો. તેમના પિતા અગ્રગણ્ય કરોડપતિ વ્યાપારી હતા, પણ ખોટમાં બધું જ ખોઈ બેઠાં. ડૉ. રાવલનાં માતાજી શ્રીમતી કમળાબેન જે. રાવલે તેમને અત્યંત ગરીબાઈમાં મોટા કર્યા. ડૉ. રાવલ હળવદના જાગેશ્વર મહાદેવ મંદિરના દસ વર્ષ સુધી પુજારી હતા. ૧૯૭૦ અને ૮૦ના દાયકામાં ડૉ. રાવલે સૂર્યમંડળ અને ગ્રહો ના ઉપગ્રહમંડળો ના જન્મ વિકાસ અને રચનાનો તલસ્પર્શીઅભ્યાસ કર્યો અને દર્શાવ્યું કે શનિ અને યુરેનસને તેમનાં જાણીતાં વલયોની બહાર પણ એક નવું વલય છે અને નેપ્ચૂન ને આખે આખી તે વખતે નહીં શોધાયેલી વલયમાળા છે અને ગુરુ, શનિ, યુરેનસ, નેપ્ચૂનગ્રહો ના ઉપગ્રહ મંડળમાં હજું નહીં શોધાયેલા ઘણા ઉપગ્રહો છે. એટલું જ નહીં સૂર્યમંડળમાં પણ નવા લઘુગ્રહો ના પટ્ટા અને બુધ ગ્રહની કક્ષાને અંતર્ગત નાના એકાદબે ગ્રહો અને પ્લૂટોની પેલે પાર બે ગ્રહો અથવા લઘુગ્રહો ના પટ્ટા હોવા જોઈએ. જે પાછળથી પૃથ્વીસ્થિત દૂરબીનો અને વિરાટ ગ્રહની નજીકમાંથી પસાર થયેલા પાયોનિયર અને વાયોજર અંતરીક્ષયાનોએ ડૉ. રાવલની થીઅરીને નિરીક્ષણાત્મક રીતે ટેકો આપ્યો છે. ડૉ. રાવલે મંદાકિનીની ફરતે વલયો વિશે, સૂર્યમંડળ અને ગ્રહોની ઉપગ્રહમાળા ફરતે ના ઉર્ટના ધૂમકેતુ નાં વાદળો વિશે, લાગ્રાન્જ બિન્દુઓ, ગ્રહ-અંતરનો નિયમ, સૂર્યમાળામાં ગુરુત્વાકર્ષણીય સ્પંદનો, સૂર્યમાળા અને ગ્રહો ઉપગ્રહમાળાઓમાં નવા ગ્રહો, લઘુગ્રહો ના પટ્ટા, બુધની કક્ષાને અંતર્ગત એકાદ બે ગ્રહો, બુધ અને શુક્ર ફરતે ઉપગ્રહો છે કે નહીં તે વિશે વિસ્તૃત સંશોધન કર્યું છે. તેઓએ આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ પર પણ સંશોધન કર્યું છે અને ૧૦ સંશોધનપત્રો પ્રસિદ્ધ કર્યા છે. ડૉ. રાવલે કુલ તેમનાં ૪૦ સંશોધનપત્રો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન સંશોધન સામયિકમાં પ્રસિદ્ધ કર્યા છે.

ડૉ. રાવલ ૧૯૯૨-૨૦૦૧ દરમિયાન ઈન્ડિયન ફિઝિક્સ ઍસોસિયેશન (મુંબઈ ચેપ્ટર)ના ઉપાધ્યક્ષ અને પછી અધ્યક્ષપદે રહ્યા હતા. ડૉ. રાવલ કેટલાય પ્લેનેટેરીયમો, વિજ્ઞાન કેન્દ્રો અને ભારતમાં કાઉન્સિલ ઑફ સાયન્સ, ટેક્નૉલૉજી અને એન્વાયરોનમેન્ટની સલાહકાર સમિતિઓમાં સભ્ય છે. તેમને વિખ્યાત પત્રકાર મનુભાઈ મહેતા મેડલ, મરાઠી વિજ્ઞાન પરિષદનો પ્રતિષ્ઠિત શ્રી રમાબાઈ આપ્ટે પુરસ્કાર, ભારત સરકારની વિજ્ઞાન અને તંત્રવિજ્ઞાન મંત્ર્યાલય તરફથી વિદ્વાન પત્રકારત્વ માટે અપાતો પ્રતિષ્ઠિત ઍવોર્ડ, વિજ્ઞાન પત્રકારત્વ માટેનો ગુજરાત સરકારનો ઍવોર્ડ, ગુજરાતરત્ન ઍવોર્ડ, હળવદરત્ન ઍવોર્ડ અને એવા અનેક ઍવોર્ડ પ્રાપ્ત થયા છે.

ડૉ. રાવલના સૂર્યમાળાના સંશોધન માટે, મરાઠી વિજ્ઞાન મહાસંઘ અને મરાઠી વિજ્ઞાન પરિષદના સંયુક્ત ઉપક્રમે ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફંડામેન્ટલ રીસર્ચ ના વરિષ્ઠ વિજ્ઞાની પ્રૉફેસર બી.એમ. ઉદગાંવકરના હાથે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ૨૦૧૦ના પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડૉ. રાવલનું ગુજરાત રાજ્ય વતી જાહેર સન્માન કર્યું હતું. ડૉ. રાવલ છેલ્લાં ૩૦ વર્ષથી જન્મભૂમિ પ્રવાસીના રવિવારની સાપ્તાહિક આવૃત્તિમાં ખગોળવૈ જ્ઞાનિક લેખો લખતા આવ્યા છે. તેમના લેખો દેશના લગભગ બધા જ પ્રતિષ્ઠિત હિન્દી, ગુજરાતી, અંગ્રેજી અખબારો અને સામયિકોમાં પ્રસિદ્ધ થયા છે.

ડૉ. રાવલે ખગોળવિજ્ઞાન અને વિજ્ઞાન પર વિવિધ અખબારો અને સામયિકોમાં હિન્દી, ગુજરાતી, અંગ્રેજીમાં ૨૦૦૦ લેખો લખ્યા છે અને દેશની શાળા, મહાશાળા, વિશ્વવિદ્યાલયો, મંડળો, લોકોમાં, સંસ્થાઓ, રોટરી,લાયન્સ ક્લબો, મહિલામંડળોમાં તેટલી જ સંખ્યામાં વ્યાખ્યાનો આપ્યાં છે. રેડિયો અને ટીવી પર વાર્તાલાપો અને ઈન્ટરવ્યૂ આપ્યા છે. ડૉ. રાવલે આઠ ઉત્કૃષ્ટ વિજ્ઞાન પરિકથાઓ લખી છે. ૨૦૦૫ના આઈન્સ્ટાઈનના વિશિષ્ટ સાપેક્ષવાદની શતાબ્દી વર્ષમાં આઈન્સ્ટાઈનના જીવન અને કાર્ય પર ૮૦ રેડિયો વાર્તાલાપો આપ્યા હતા જે ટૉક ઑફ ધી ટાઉન બની રહ્યાં હતાં. ડૉ. રાવલે દસ, પંદર અને વીસની શૃંખલામાં વિજ્ઞાનના વિવિધ વિષયો પર રેડિયો વાર્તાલાપો આપ્યા છે.

ડૉ. રાવલ છેલ્લાં ૧૪ વર્ષથી મુંબઈ વિશ્વવિદ્યાપીઠના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં એમ.એસસી.ના બીજા વર્ષમાં વિઝિટિંગ પ્રૉફેસર તરીકે સેવા આપે છે. ઈન્ટરનેશનલ કૉન્ફરન્સ, વિઝિટિંગ ફેલોશીપ અને પ્રૉફેસરશીપના સંબંધે ડૉ. રાવલે જાપાન, અમેરિકા, જર્મની, ઑસ્ટ્રેલિયા, કોરિયા, ઈરાન, ઝેકોસ્લોવેકિયા, ઑસ્ટ્રિયા, પોલૅન્ડ વગેરે દેશોની ડઝનબંધ મુલાકાતો લીધી  છે.

છેલ્લાં દસ વર્ષથી ડૉ. રાવલ બોરીવલી જનસેવા કેન્દ્રના અધ્યક્ષ છે. બૃહન્મુંબઈ મહાનગરપાલિકા, રાજકોટ મહાનગરપાલિકા, ભુજ નગરપાલિકા અને હળવદ નગરપાલિકાએ ડૉ. રાવલનું નાગરિક સન્માન કર્યું હતું. ૧૯૮૨ માં કોલ્હાપુરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આયોજિત આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ પરની શાળામાં પ્રથમ આવવા બદલ ડૉ. રાવલને યુજીસીનો પ્રતિષ્ઠિત ઍવોર્ડ આપવામાં આવ્યો હતો. ડૉ. રાવલને અમૃતા, સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન વગેરે સંસ્થા તરફથી અનેક ઍવોર્ડ એનાયત થયા છે. ઑલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબ તરફથી ડૉ. રાવલને આર્યભટ્ટ ઍવોર્ડ એનાયત થયો છે. ડૉ. રાવલ હિન્દી કોવિદ, સંસ્કૃત કોવિદ અને સંસ્કૃત ભૂષણ છે અને જર્મન ભાષામાં તેમને ડિપ્લોમાં લીધો છે. ડૉ. રાવલે વિજ્ઞાન અને ખગોળવિજ્ઞાન પર બે ડઝન પુસ્તકો લખ્યાં છે.

ડૉ. રાવલે વર્લી, મુંબઈના નહેરુ સેન્ટરના નહેરુ પ્લેનેટેરિયમના ખગોળ સંશોધન વિભાગના ડિરેક્ટર અને નહેરુ પ્લેનેટેરિયમના ડિરેક્ટર તરીકે ૨૫ વર્ષ સુધી સેવા બજાવી છે. તેમને પ્લેનેટેરિયમ, વિજ્ઞાન કેન્દ્ર, વિજ્ઞાન સંશોધન અને વિવિધ વિજ્ઞાન પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન પરિષદો યોજવાનો ૩૫ વર્ષનો અનુભવ છે. ડૉ. રાવલને સંગીત, ગાયન, ચિત્રકળા, વાંચન, ઈતિહાસ, દર્શનશાસ્ત્ર અને પ્રવાસનો શોખ છે. ડૉ. રાવલે દેવિકા લક્ષ્મી શંકર દવે સાથે લગ્ન કર્યું છે અને તેમને પ્રતીક્ષા નામે એક પુત્રી છે.